# સામાન્ય સમાજશાસ્ત્ર – ૨

(પેપરનં. ૩)

## ૧) સામાજિક નિયંત્રણ એટલે શું? તેના લક્ષણો મહત્વ તેમજ સામાજિક પરિવર્તન સ્વરૂપ, ખાસિયતો અને સામાજિક સ્તરીકરણ વિષે ચર્ચા કરો.

જવાબ.

પ્રસ્તવના :

માનવસમાજમાં સ્વીકાર્ય અને અસ્વીકાર્ય વર્તન વચ્ચેનો ભેદ પડતા સામાજિક ધોરણો છે. આ ધોરણો વડે જ માનવ સંબંધ શક્ય બને છે. સમાજમાં વ્યક્તિ યોગ્ય વર્તન દાખવે તેમાટે તેને સામાજિક ધોરણોને અનુરૂપ ઘડવામાં આવે છે. આમ છતાં તે અમુક સંજોગો માં અયોગ્ય વર્તન દાખવે તો તે માટે કોઈને કોઈ સ્વરૂપની સજા કરવામાં આવતી હોય છે. આવી ધોરણાત્મક વ્યવસ્થા માનવસમાજને પ્રાણીસમાજથી જુદો પાડે છે. એટલું જ નહિ પણ જો સમાંજીક ધોરણોની આ વ્યવસ્થા ન હોય તો માનવસમાજ પણ ન હોત.

દાર્શનિક હેરાક્લીત્સના મતે સમાજ હરપળે બદલાતો રહે છે. પરિવર્તન એ જ અવાસ્તવિકતા છે. આનાથી વિરુદ્ધ પાર્મેનાઈડઝ નામના દાર્શનિકના માટે બધું એમનું એમ હ રહે છે સમાજ બદલાતો નથી, સાતત્ય કે સ્થીત્યાત્મકતા કે સ્થિરતાએ જ વાસ્તવિકતા છે. પરંતુ આ દર્શનીકોના મંતવ્ય અર્ધસત્ય છે. અર્થાત સત્ય આ બંને મંતવ્યોની વછે છુપાયેલું છે. ભારતીય સમાજશાસ્ત્રી બોતોમોર યોગ્ય જ લખે છે કે બધા સમજો સ્થિરતા અને પરિવર્તનની લાક્ષણિકતા ધરાવે છે. કોઈપણ સમાજની તેના ભૂતકાળ અને વર્તમાનકાળને લક્ષમાં રાખીને તુલના કરવાથી તેમાં ઘણા ફેરફારો દેખાઈ આપશે. એટલે કે સમયને અનુલક્ષી જોઈએ તો સમાજના ધોરણો, મુલ્યો જીવાન્રિત સંસ્થાઓ વ્યક્તિઓ અને તેમના દરજ્જા-ભૂમિકા વગેરેમાં ઘણા તફાવતો કે ફેરફારો જણાશે.

સામાજિક સ્તરરચના સામાજિક અસમાનતાનું એક વિશિષ્ટ સ્વરૂપ છે. સ્તરરચના માટે સ્ત્રીકાર્ણ શબ્દપ્રયોગ પણ થાય છે. અહી બંને સબ્દો પ્રયોજ્ય છે. હેરાલેમ્બોસ નોંધે છે કે સાદા

સમાજથી માંડીને આધુનિક જટિલ સમજો, એમ સર્વ સમાજોમાં અમુક સ્વરૂપની અસમાનતાઓ જોવા મળે છે. સંપૂર્ણ સમાનતા માત્ર સ્વપ્ન છે. અસમાનતા સંપૂર્ણપણે નાબુદ કરી શકાતી નથી પરંતુ તે ઓછી કરી શકાય ખરી.

અર્થ અને વ્યાખ્યા:

૧) વુડવર્ડ : સામાજિક નિયંત્રણમાં એવી બધી રીતો અને સાધનોનો સમાવેશ થાય છે. જેના દ્વારા સમાજ ધોરણાત્મક વ્યવસ્થા પરાત્પ કરે છે. અને તાકી રહે છે.

૨) મેકાઈવર અને પેજ : સામાજિક સંબંધોના ગૂંફનમાં થતા ફેરફારો જ આપને સામાજિક પરિવર્તન કહીશું.

૩) રોઝ અને રોઝ : સામાજિક સ્તરીકરણ એવી પ્રક્રિયા કે પરિસ્થિતિ છે. જેના વધે સમાજ દરજ્જાના કોષ્ટિકમવાળા વિભિન્ન વર્ગોમાં વિભાજીત થાય છે.

* સામાજિક નિયંત્રણના લક્ષણો :

૧) સાવત્રિકતા.
૨) સામાજિક નિયંત્રણ એક પ્રક્રિયા છે.
૩) સામાજિક નિયંત્રણ સાધ્ય અને સાધન બને છે.
૪) સામાજિક નિયંત્રણ ઔપચારિક અને અનૌપચારિક સ્વરૂપનું છે.
૫) પ્રત્યક્ષ નિયંત્રણ-સ્વનિયંત્રણ એન લાદેલા નિયંત્રણ સ્વરૂપે.
૬) સામાજિક નિયંત્રણ વિધેયાત્મક અને નકારાત્મક સ્વરૂપનું છે.
૭) સામાજિક નિયંત્રણ વિધેયાત્મક અને નાકારત્મક સ્વરૂપનું છે.

સામાજીક નિયંત્રણ સર્વત્ર જોવા મળે છે. તે એક પ્રક્રિયા છે. સામાજિક નિયંત્રણ સાધન અને સદ્ય બને છે. સામાજિક નિયંત્રણ ઔપચારિક તેમજ અનૌપચારિક બંને સ્વરૂપનું છે સામાજિક

નિયંત્રણ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે જોવા મળે છે. સામાજિક નિયંત્રણ સ્વ-નિયંત્રણ અને લાદેલા નિયંત્રણ સ્વરૂપે રહેલું છે. હકારાત્મક તેમજ નકારાત્મક બંને રીતે જોવા મળે છે.

* સામાજિક નિયંત્રણનું મહત્વ

૧) વર્તનની સામ્યતા

૨) સામાજિક વ્યવસ્તાની જાણવણી

૩) વ્યક્તિ અને સમાજની જરૂરિયાતોનો સંતોષ

સામાજિક નિયંત્રણમાં વર્તનની સમાનતા રહેલી છે તેમજ તે સામાજિક વ્યવસ્થાની જાણવણી કરે છે અને વ્યક્તિ તેમજ સમાજની જરૂરિયાતો સંતોષે છે.

* સામાજિક પરિવર્તનનું સ્વરૂપ

૧) સામાજિક પરિવર્તન પ્રક્રિયા છે.

૨) સામાજિક પરિવર્તન સાવર્ત્રિક પ્રક્રિયા છે.

૩) સામાજિક પરિવર્તન સામાજિક રચનાતંત્રમાં ફેરફારો સૂચવે છે.

૪) સામાજિક પરિવર્તન સામાજિક કાર્યોમાં ફેરફારો સૂચવે છે.

5) સામાજિક પરિવર્તન સ્વયંજાનિત તેમજ આયોજિત પ્રક્રિયા તરીકે

* સામાજિક પરિવર્તનની ખાસિયતો :

૧) પરિવર્તનના દરમાં વૃદ્ધી

૨) અતુટ સંકલ તરીકે

૩) દ્વિમુખી પાયો

૪) પ્રમાણ વૃદ્ધી

૫) સંચયાત્મકતા

૬) સર્વાંગી

સામાજિક પરિવર્તન એક પ્રક્રિયા સ્વરૂપે જોવા મળે છે અને તે સર્વત્ર રહેલું છે. સામાજિક રચનાતંત્રમાં ફેરફારો થતા હોય છે. સામાજિક પરિવર્તનો સામાજિક કાર્યોમાં ફેરફાર સૂચવે છે. સામાજિક પરિવર્તનના દરમાં વૃદ્ધી થતી હોય છે. અને સામાજિક પરિવર્તન સર્વાંગી જોવા મળે છે.

* સામાજિક સ્તરરચનાના લક્ષણો

૧) સાર્વત્રિક

૨) સ્તરીકરણ એક પ્રક્રિયા છે.

૩) બદલાની અસામાન વહેંચણી

૪) વિભિન્ન સ્તરોની વિભિન્ન વર્તનઢબો

૫) સામાજિક દરજ્જાનો કોટીક્રામ

સામાજિક સ્તરરચના એ સર્વત્ર જોવા મળે છે, તો એક પ્રક્રિયા સ્વરૂપે જોવા મળે છે. સ્તરીકરણમાં બદલાની અસામાન વહેંચણી હોવાથી જુદા-જુદા સ્તરોની રચના થાય છે. સ્તરો પ્રમાણે વિભીન્ન વર્તનઢબો પણ ઉદભવે છે. અને સામાજિક દરજ્જાનો કોટીક્રમિક વ્યવસ્થાનો ઉદ્દભવ થાય છે.

## ૨) ગ્રામીણ અને નગરસમુદાય વિષે સમજાવી તેમજ વ્યક્તિ અને સમાજ વિષે ચર્ચા કરો.

**જવાબ :**

**પ્રસ્તાવના :**

માનવીના સામાજિક જીવનને લગતા સામાન્ય સિદ્ધાનો શોધવા માટે ગ્રામ સમુદાયનું સમાજશાસ્ત્રીય અદ્યયન ખુબજ મહત્વનું છે. એકલા નગર સમુદાયના અભ્યાસ પરથી માનવીના સામાજિક જીવનનો સંપૂર્ણ પરિચય મેળવી શકાય નહિ માનવીના સામાજિક વર્તનની ઢાબો ગ્રામ અને નગર સમુદાયમાં ભિન્ન ભિન્ન જોવા મળે છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોતા શહેરની ઉત્પતિ અને વિકાશની ગાથા ઘણી જૂની ગણાય છે. ખેતીની સોધથી માનવીનો સ્થિર વસવાટ શક્ય બન્યો અને તેણે પરિણામે જેમ ગામડાઓનો ઉદ્ભવ થયો તેમ ખેતીવિષયક ઉત્પાદનમાં થયેલા વધારાએ શહેરનો વિકાસ શક્ય બનાવ્યો.

વ્યક્તિ અને સમાજ વચ્ચેના સંબંધોનો અભ્યાસ સમાજશાસ્ત્રનો મૂળભૂત પ્રશ્ન છે અનેક વિદ્વાનોએ આ અંગે મતો પ્રદર્શિત કર્યા છે. કેટલાક વિદ્યાનોએ સમાજમાં વ્યક્તિના સ્થાનને મહત્વનું ગણ્યું છે. તો બીજા કેટલાક વિડ્યાનોએ વ્યક્તિના સ્થાનને લક્ષમાં ના લેતા સમાજને જ મહત્વનું સ્થાન આપ્યું છે.

## * ગ્રામીણ અને નગર સમુદાયનો અર્થ

ગ્રામીણ સમુદાય પ્રકૃતિની નિકટ વસવાટ કરતા થથા મુખ્યત્વે એના ઉપરર આધાર રાખતા વિશિષ્ટ જીવનશૈલી ધરાવતા લોકોનો બનેલો પ્રાથમિક સમુદાય છે. કે જેમાં એક પ્રકારની એકવિધતા અને એકતા હોય છે. આ સમુદાય સામાન્ય રીતે કૃષિ અર્થવ્યવસ્થાના પાયા પર સ્રુકૃત થયેલો હોય છે અને તેમાં સામાજિક ગતિશીલતા ઓછી હોય છે.

પ્રાચીનયુગમાં ગામડાઓએ પોતાની ખાદ્ય જરૂરિયાતો ઉપરાંત ઉપ્તાદન મેળવવાનું શરૂ કર્યું ત્યારથી શાતેરોની ઉત્પતિ અને વિકાશની ગાથા સારું થઇ. જેમ-જેમ ખેતીમાં નવા નવા સાધનોની શોધો થતી ગઈ તેમ તેમ શહેરોના વિકાશની પ્રક્રિયા ઝડપી બની.

## * ગ્રામીણ સમુદાયના લક્ષણો

૧) કુટુંબનું અગળગાપણું અને નિકટવર્તી સંબંધોનું પ્રભુત્વ

૨) મુખ્ય ધંધાની જીવન ઉપર અસર

૩) કામનો પ્રકાર

૪) સાદાઈ અને કરકસર

૫) નાનો સમુદાય

૬) સામ્ય વિશેષ, તફાવત ઓછા

૭) સામાજિક ગતીશીલતાની ન્યૂનતા

ગ્રામીણ સમાજમાં નિકટવર્તી સંબંધોનું પ્રભુત્વ હોય છે. મુખ્ય વ્યવસ્થાની અસર ગ્રામીણ સમાજમાં જોવા મળે છે. સદાય અને કરકસરયુક્ત જીવનશૈલી હોય છે. નાનો સમુદાય હોય છે. સમ્ત્તાનું પ્રમાણ વિશેષ હોય છે. અને વિશેષીકારનો અભાવ હોય છે સામાજિક ગતિશીલતા નું પ્રમાણ ઓછું હોય છે.

## ✳ શહેરી સમુદાયના લક્ષણો

૧) સામાજિક વિવિધતાઓ

૨) દૂરવર્તી જૂથો

૩) સામાજિક સહિષ્ણુતા

૪) દૂરવર્તી સામાજિક નિયંત્રણ

૫) સામાજિક ગતિશીલતા

૬) સ્વૈચ્છિક મંડળો

૭) વિશિષ્ટ વ્યક્તિત્વ

૮) સ્થાનિક પૃથકકતા

શહેરી સમુદાયમાં આર્થીક, સામાજિક ધાર્મિક ભાષા જ્ઞાતી ગત વિવિધતાઓ હોય છે. દૂરવર્તી જૂથો હોય છે. દૂરવર્તી સામાજિક નિયંત્રણ એટલે કે ઔપચારિક નિયંત્રણ હોય છે. સામાજિક ગતિશીલતાનું પ્રમાણ વિશેષ હોય છે. સ્વૈચ્છિક માંન્દ્લોનું અસ્તિત્વ રહેલું હોય છે. વ્યક્તિત્વ વિશિષ્ટ હોય છે. તેમજ સ્થાનિક દૃષ્ટિએ પૃથક્કતા રહેલી હોય છે.

## ✳વ્યક્તિ અને સમાજ

### ૧) સામાજિક કરારવાદ

આ સિધ્ધાંત સમાજને એક કૃત્રિમ સર્જન તહાં માનવીએ પરસ્પર કરાર કરી ઉભા કરેલા તંત્ર તરીકે ઓળખાય છે. અમ આ સિદ્ધાંત વ્યક્તિ અને સમાજ વાછેના સંબંધોની સમાજ આપવા ઉપરાંત સમાજના ઉદ્ભવતી પ્રક્રિયા સમજાવવા પ્રયાસ કરે છે. આ સિદ્ધાંત સમાજમાં વ્યક્તિનું સ્થાન

મહત્વનું ગણે છે. અને સમાજના મહત્વની અવગણના કરે છે. આથી આ સિધ્ધાંત ને વ્યક્તિવાડી મત તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ૨) સામાજિક દેહવાદ

દેહવાદ સમાજને એક દેહ તરીકે કલ્પે છે જેમ દેહને તેના હાથ,પગ વગેરે અંગો હોય છે. તેમ વિભિન્ન સંસ્થાઓ અને જૂથો સમાજના અંગો છે. દેહમાં જેમ કોષો હોય છે. તેમ સમાજના કોષો વ્યક્તિઓ છે. એટલું જ નહિ પણ દેહ્વાડીઓ દેહમાં જેમ કોષનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ નથી તેમ પ્રતિપાદિત કરે છે. દેહ્વાડીઓ સમાજને ૨નીદેહ સાથે સરખાવે છે. સમાજ પણ દેહની જેમજ બંધારણ અને ગુણધર્મો ધરાવે છે. એટલે જેવી રીતે દેહ જન્મ વિકાસ વૃધ્ત્વ અને મૃત્યુની પ્રક્રિયાથી પસાર થાય છે તેવી જ રીતે જીવનચક્રમાંથી પસાર થાય છે

# ભારતીય સમાજનું માળખું

(પેપરનં. ૪)

## ૧) ભારતમાં વસતીનું બંધારણ જણાવી ભારતની સામાજિક સંસ્થાના લક્ષણો જણાવો.

### જવાબ :

### પ્રસ્તવના :-.

ભારત વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ પ્રાચીન સમયથી એક વિશાળ દેશ રહ્યો છે. ભારત ૩૨,૮૭,૨૬૩ ચો.કિ.મી.ના વિસ્તારમાં ફેલાયેલો છે. અને ભારતની વસતી એક અબજથી પણ વધુ છે. ૨૦૦૧ની વસતી ગણતરી મુજબ ભારતની વસ્તી ૧૨૧૦.૯ મિલિયન છે. જેમ ૬૨૩.૩ મિલિયન પુરુષો અને ૫૮૭.૬ મિલિયન સ્ત્રીઓનીઓ સમાવેશ થાય છે. વિશ્વના કુલ ભૂમિ વિસ્તારનો માત્ર ૨.૪૨% વ્સ્તીઅર ભારતમાં છે અને વિશ્વની વસ્તીમાં ૧૬.૨% વસતી ભારતમાં છે. આથી જણાશે કે ભારત વિશ્વના ૨.૪૨% ભૂમિ વિસ્તારમાં વિશ્વની ૧૬.૭% જેટલી વિશાલ વસ્તીનું ભારણપોષણ કરે છે.

કોઠા નં. ૧ ભારતની વસતી ૧૯૦૧-૨૦૦૧(મીલીયાનમાં)

| વસતીનું ગણતરી વર્ષ | વસતી | દર દસ વર્ષ વસતી વૃદ્ધીના ટકા |
|---|---|---|
| 1901 | 238.4 | - |
| 1911 | 252.1 | 5.75 |
| 1921 | 251.3 | 0.31 |
| 1931 | 279.0 | 11.00 |
| 1941 | 318.7 | 14.22 |
| 1951 | 361.1 | 13.31 |
| 1961 | 439.2 | 21.64 |
| 1971 | 548.1 | 24.86 |

| | | |
|---|---|---|
| 1981 | 683.3 | 24.66 |
| 1991 | 843.3 | 23.86 |
| 2001 | 1.0287 | 21.34 |
| 2011 | 1210.9 | 17.72 |

## *વય અને લિંગ રચનાની સામાજિક અસરો

૧) દરજ્જા અને ભૂમિકા ઉપર અસર

૨) સ્તરીકરણ ઉપર અસર

૩) વસ્તીવૃદ્ધી ઉપર અસર

૪) સામાજિક પરિવર્તન

૫) સ્થળાંતર

૬) કુટુંબ ઉપર અસર

૭) પરાવલંબન પ્રમાણ પર અસર

૮) સ્ત્રીના દરજ્જા ઉપર અસર

૯) બેરોજગારી

૧૦) નવી જરૂરિયાતો

વસતી પ્રક્રિયાઓ તથા વાય અને લિંગ રચના પરસ્પર અસર કરે છે. સ્તાલંતર મૃત્યુદર અને જન્મદર એ ત્રણ વસતી પ્રક્રિયાઓ છે. આ પ્રક્રિયાઓ વાય/લિંગ રચના ઉપર અસર કરે છે.

## *ભારતની સામાજિક સંસ્થાના લક્ષણો :

**પ્રસ્તાવના :**

વ્યક્તિ અને સમાજની સામાજિક જરૂરિયાતો પૂરી પડવાનું અને માર્ગદર્શન આપવાનું કાર્ય કરતી પ્રસ્થાપિત કાર્યપ્રણાલીને સામાજિક સંસ્થા કહેવાય જ્ઞાતિ, લગ્ન, કુટુંબ, ધર્મ, શિક્ષણ, અર્થવ્યવસ્થા અને રાજ્ય પણ એક મહામાંન્દાલની સાથો સાથ સામાજિક સંસ્થા છે. બધા સમાજોમાં સામાજિક સંસ્થાઓનું અસ્તિત્વ રહેલું છે. એટલે કે સામાજિક સંસ્થાઓ સાર્વત્રિક રીતે જોવા મળે છે.

## * સામાજિક સંસ્થાના લક્ષણો

સામાજિક સંસ્થાઓના લક્ષણો જોતા પહેલા તેની વ્યાખ્યા તપાસશું

→ મેકાઈવાર અને પેજ:

"સંસ્થાને સમૂહ પ્રવૃતિની પ્રસ્થાપિત કાર્યપ્રણાલીકા તરીકે પરિભાષિત કરે છે."

**→ જહોન્સન**

અમુક વિશિષ્ટ પ્રકારના સામાજિક સંબંધોને લાગુ પડતી ધોરણાત્મક ઢબ તરીકે ઓળખાવે છે.

*લક્ષણો

૧) વલણ અને વર્તનની ઢબ

૨) સાંસ્કૃતિક પ્રતીકો

૩) સાધન-સગવડ

૪) વર્તનનાં ધોરણો

5) વિચારસરણી

## ✳ સામાજિક સંસ્થાનાં કર્યો

પ્રત્યેક સંસ્થાને તેના કેટલાંક વિશિષ્ટ અને મૂળભૂત કર્યો હોય છે. તેમ છતાં પ્રત્યેક સામાજિક સંસ્થાના કેટલાક સર્વસામાન્ય કર્યો તો કરે જ છે.

૧) માનવજરૂરીયાતોની પરીપૂર્તી

૨) સામાજિક નિયંત્રણ

૩) માર્ગદર્શન

૪) સામાજિક વારસનું હસ્તાંતર

સામાજિક સંસ્થાના કેટલાક સર્વસામાન્ય કર્યો કરે છે. આ ઉપરાંત સામાજીક સંસ્થાના આ લક્ષણો સર્વત્ર રહેલા છે.

## ૨) ભારતમાં આદિવાસી સમુદાય વિષે જણાવી ભારતમાં ધાર્મિક જૂથો અને ભાષા જૂથોની ચર્ચા કરો.

**જવાબ:**

### પ્રસ્ત્વાના :

ડૉ. વિદ્યાર્થી અને રાયનોંધે છે, તેમ, આદિવાસીઓ ભારતની વસ્તીનો અંતર્ગત ભાગ છે. તેઓની પૃથકપરિસ્થિતિ, અર્થવ્યવસ્થા, સમાજ, ધાર્મિક, માન્યતાઓ અને સદીઓ પર્યંતનો તેમનો હિંદુ પડોશીઓ સાથેનો સંબંધ વગેરેએ તેઓને લાક્ષણિક જીવન બક્ષ્યું છે. અને તેઓને પોતાની મૌલિક રીત્તે પરિસ્થિતિ સાથે અનુકુલન સાધ્યું છે. આદિવાસીઓ ભારતીય સમાજના ઘટક જૂથ તરીકે સામાજિક રચનાતંત્રનું એક અંગ છે. ભારતના આદિવાસીઓ માટેનું બંધારણીય નામ અનુસુચિત આદિજાતિઓ છે. આદિવાસીઓ જંગલો અને પહાડી પ્રદેશોમાં તેમજ રકૃતિક રીતે અલગતા ધરાવતા પ્રદેશોમાં વસવાટ કરે છે. તેઓને જુદા-જુદા નામે ઓળખવામાં આવે છે.

“આદિવાસી” નો અર્થ આપતા મુકરજી નોંધે છે. તેમ આદિવાસી એ પ્રદેશ, ભાષા, સામાજિક નિયમો અને આર્થિક પ્રવૃતીમાં સમાનતા ધરાવતું પ્રાદેશિક જૂથ છે.

### આદિવાસીના લક્ષણો:

૧) કુટુંબોનો બનેલો સમુદાય

૨) સમાન ભાષા-બોલી

૩) વિશીષ્ટનામ

૪) નિશ્રિત પ્રદેશ

૫) અંતર્વિવાહી જૂથ

૬) નિયમો અને નિષેધો

૭) રાજકીય સંગઠન

૮) સમાન સંસ્કૃતિ

૯) કાર્યના વિશેષીકરણનો અભાવ

૧૦) યુવાગ્રહો

૧૧) દરજ્જા સભાનતા

૧૨) ધર્મ

૧૩) વ્યવસાય

૧૪) શિક્ષણ

## *આદિવાસીઓની જીવનનિર્વાહની રીતો :

ભારતના જુદા-જુદા આદિવાસીઓની અર્થવ્યવસ્થા એકસમાન નથી. જુદા-જુદા ભૌગોલિક વિસ્તારના આદિવાસીઓની જીવનનિર્વાહની રીતો જુદી જુદી છે. એટલું જ નહિ પણ એક જ ભૌગોલિક વિસ્તારમાં વસતા આદિવાસીઓની જીવનનિર્વાહની રીતોમાં તફાવત જોવા મળે છે.

૧) સ્થાયીખેતી

૨) ખાદ્યસંકલન

૩) ફરતી ખેતી

૪) પશુપાલન

૫) હસ્તઉદ્યોગ

૬) ઔદ્યોગિક મજુરી

૭) લોકકલાકારી

આમ, જોઈએ તો આદિવાસીઓ અનેક જુદા-જુદા વ્યવસ્યો સાથે સંકળાયેલા છે.

## * ભારતમાં ધાર્મિક જૂથો અને ભાશાજૂથો

ભારતમાં ધાર્મિક જૂથો અને ભાષા જૂથો ભારતની સામાજિક રચનાના મહત્વના અંગો છે. ધર્મલોકોને આગવી જીવનશૈલી પૂરી પાડવા ઉપરાંત સમાજની વિભિન્ન સંસ્થાઓ સાથે ગાઢ સંબંધ ધરાવે છે. ભારતમાં ધાર્મિક વૈવિદ્ય રહેલું છે વિશ્વના મોટાભાગના ધર્મો ભારતમાં જોવા મળે છે.

## * ભારતમાં ધાર્મિક જૂથો અને તેની વસતી

૨૦૦૧ની વસતી ગણતરી અનુશાર ભારતમાં વિભિન્ન ધાર્મિક જૂથોની વસતી અનુગામી પાનામાં કોઠામાં દર્શાવી છે.

ભારતના જુદા-જુદા ધર્મ પાળતા લોકોની વસતી

| ક્રમ | ધર્મ | વસ્તીના ટકા |
|---|---|---|
| ૧ | હિન્દુ | ૮૧.૪ |
| ૨ | ઇસ્લામ | ૧૨.૪ |
| ૩ | ખ્રિસ્તી | ૦૨.૩ |
| ૪ | શિખ | ૦૦.૯ |
| ૫ | બૌધ | ૦૦.૮ |
| ૬ | જૈન | ૦૦.૪ |
| ૭ | અન્ય | ૦૦.૭ |
| ૮ | ધર્મ દર્શાવ્યો નથી | ૦૦.૧ |

આમ, ભારતમાં જુદા-જુદા ધર્મોની સંસ્થા રહેલી છે.

## * ભારતમાં ભાષા જુથો અને વસતી

ભાષા વિચારોની અભિવ્યક્તિ અને આંતરક્રિયાઓનું માધ્યમ છે. અને સંસ્કૃતિનો એક ભાગ છે. દરેક સમાજ પોતાના ભૂતકાલીન જીવન અને અનુભવોનો ઈતિહાસ તથા સંસ્કૃતિ પોતાના ભૂતકાલીન જીવન અને અનુભાનોનો ઈતિહાસ તથા સંસ્કૃતિ પોતાની ભાષામાં જાળવી રાખતો હોય છે. અને તેના વિકાસ માટે પ્રયત્નશીલ હોય છે.

અનુશુચિત ભાષાઓ બોલતા લોકોની સંખ્યા પ્રમાણે ૨૨ ભાષાઓ અનુસૂચિમાં સમાવેશ થાય છે. જેમાં હિન્દી, બંગાળી, તેલુગુ, મારાથી, તમિલ, ગુજરાતી, કન્નડ, મલયાલમ, ઓરિયા, પંજાબી, આસામી, મૈથિલી, સંથાલી, કાશ્મીરી, નેપાળી, સિંધી, કોંકણી, ડોંગરી, મણિપુરી, બોડો, સંસ્કૃત, ઉર્દુ આ ૨૨ ભાષાઓનો સમાવેશ થાય છે.

### * ભારતીય સમાજનું બહુભાષી સ્વરૂપ અને તેમાંથી ઉદ્ભવતી સમસ્યાઓ

૧) રાષ્ટ્રભાષા અને વહીવટી ભાષાની સમસ્યા

૨) કેળવણીના ક્ષેત્રમાં ભાષાની સમસ્યા

૩) લઘુમતી ભાષાના સ્થાનની સમસ્યા

૪) ભાષા સમસ્યાઓનું સમાધાન

૫) ભાષાઓનો વિકાસ અને સંચાર માધ્યમો

આકાશવાણી અને દુરદર્શન પરથી હિન્દી, અંગ્રેજી, પ્રાદેશિક ભાષાઓ, ઉર્દુ તેમજ, સંસ્કૃત ભાષામાં સમાચારોનું, પ્રસારણ થાય છે. હિંદુ અને પ્રાદેશિક ભાષાઓમાં વિભિન્ન કાર્યક્રમો અને શ્રેણીઓ પ્રશારિત થાય છે. જે ભાષા વિકાસમાં ફાળો આપે છે.

# પર્યાવરણનું સમાજશાસ્ત્ર

(પેપરનં. ૮)

## ૧) પર્યાવરણના સમાંજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર જણાવી માનવપ્રવૃત્તિ અને પર્યાવરણ તેમજ પર્યાવરણ અને સમાજનો પરિચય આપો.

### જવાબ :

### પ્રસ્તાવના :

૧૯૯૨માં બ્રાઝીલમાં બીજી પૃથ્વી પરિષદનું આયોજન થયું તેના એવો વિચાર રજુ થયો કે પર્યાવરણને નુકશાનકરતા વિકાસના મોડેલને અપનાવવાને બદલે ટકાઉ વિકાશનું મોડેલ અપનાવવું જોઈએ. ટકાઉ વિકાશના મોડેલથી વિકાસ પણ થાય છે અને પર્યાવરણની સમતુલા પણ જળવાય છે. પર્યાવરણ તાકી રહે તેવા વિકાસનું મોડેલ શોધવાના પ્રયાસોમાંથી પર્યાવરણના સમાજશાસ્ત્રનો ઉદ્ભવ થયો આ દૃષ્ટિએ પર્યાવરણનું સમાજશાસ્ત્ર એટલે માનવીના તેનો પર્યાવરણ સાથેના સંબંધોનું વિજ્ઞાન.

### અર્થ અને વ્યાખ્યા:

પર્યાવરણની શાબ્દિક સમજુતી જોઇએતો પર્યાવરણ શબ્દ પરી અને આવરણ એવા બે શબ્દોનો બનેલો છે. પરી એટલે વિભિન્ન સ્તરો અથવા પડ. આમ જીવશ્રુષ્ટિની આસપાસ પથરાયેલું, નૌસર્ગિક ઘટકોનું આવરણ એટલે પર્યાવરણ. પર્યાવરણ એટલે જેમાં આપને જીવન જીવીએ છીએ તે મુખ્યત્વે પાંચ તત્વોનું બનેલું છે. જેમાં જમીન, પાણી, વાયુ, અગ્નિ, અને અવકાશનો સમાવેશ થાય છે. તેમાં ત્રણ સજીવા તત્વો જેવા કે પ્રાણી, વનસ્પતિ, લાઘુજીવો ભળેલ છે. આમ પર્યાવરણ પાંચ નિર્જીવ અને તન સજીવ તત્વોનું બનેલું છે.

સી.સી.પાર્ક :

ભૌગોલિક પર્યાવરણનો અર્થ એવી વિવિધ દશાઓ તથા ઘટનાઓના સંયોગ સાથે છે. જે માનવને ચોક્કસ સ્થાન પર ઘેરાયેલો રાખે છે.

## ડૉ. સુમનબહેન ચૌધરી :

પર્યાવરણ એટલે જૈવિક આવરણમાંથી સજીવશ્રુષ્ટિના સમુદાયો ફરતે આવેલ અને તેની અસર કરતી પરિસ્થિતિઓ અને પરિબળોનો સમગ્ર સંકુલ

## * પર્યાવરણના સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર

૧) માનવપ્રવૃત્તિ અને પર્યાવરણ પારસ્પરિક અસરોનો અભ્યાસ

૨) પર્યાવરણ અને સમાજ વચ્ચેના સંબંધોનો અભ્યાસ

૩) પર્યાવરણીય પ્રશ્નોનો અભ્યાસ

૪) પર્યાવરણીય ચળવળોનો અભ્યાસ

આમ, પર્યાવરણના સમાજશાસ્ત્રનું કાર્યક્ષેત્ર જોવા મળે છે.

## * માનવપ્રવૃતિ અને પર્યાવરણ :

માનવ પ્રવૃત્તિ ધ્યેય નિર્દેશિત છે. માનવી કોઈને કોઈ ધ્યેય પ્રાપ્ત કરવા માટે અમુક સંજોગોની મર્યાદામાં રહીને ધ્યેય પ્રાપ્તિ માટેના સાધનોનો પયોગ કરીને જે પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃતિઓની માનવ પ્રવૃત્તિ કહેવામાં આવે છે.

## * માનવપ્રવૃતિના પ્રકારો :

૧) મૂળભૂત જરૂરિયાતો સાથે સંબંધીત માનવ પ્રવૃતિઓ

૨) સંસ્કૃતિક જરીરીયાતો સાથે સંબંધિત માનવપ્રવૃતિઓ

૩) વ્યવસાયિક જરૂરિયાતો સાથે સંબંધિત માનવપ્રવૃત્તિઓ

## *પર્યાવરણ અને સમાજ

માનવીનું જીવન પર્યાવરણ સાથે જોડાયેલું છે. અન્વીના જીવનને પર્યાવરણ સાથે પ્રત્યક્ષ નિકટવર્તી સંબંધ છે. જેથી પર્યાવરણની માનવસમાજોમાં વિવિધ જૂથો જેવાકે સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો, આદિવાસીઓ વગેરે પર વિવિધ અસર પેદા કરે છે. કારણ કે આ બધા જૂથો પર્યાવરણ સાથે વિભિન્ન રીતે જોડાયેલા છે. અને આવા જૂથો સમાજના નબળા જૂથો છે. પર્યાવરણની સમતુલામાં અવ્યવસ્થા ઉત્પન્ન થતા તેની વિપરીત અસર સમાજના આવા જૂથો પર પડે છે.

## ૨) પર્યાવરણીય પ્રશ્નો અને સમાજ તેમજ પર્યાવરણીય ચળવળો વિષે સમજુતી આપો.

**જવાબ :**

**પ્રસ્તાવના:**

પર્યાવરણના પ્રશ્નો વૈશ્વિક સમસ્યા છે આધુનિક સમયમાં ભૌતિક અને આર્થિક વિકાસની પ્રક્રિયામાં પ્પર્યવારનું શોષણ વધતું જાય છે અને પર્યાવરણ પ્રદુષિત થતું જાય છે. પર્યાવરણીય જ્પ્રશનો માનવસર્જિત છે. અને સમાજ ઉપર તેની વિધાતક અસરો પહોંચે છે. પર્યાવરણીય પ્રશ્નોમાં મુખ્યત્વે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા વધુ ગંભીર સમસ્યા છે. જે આ મુજબ છે.

### * ગ્લોબલ વોર્મિંગ : પર્યાવરણીય સમસ્યા તરીકે

ગ્લોબલ વોર્મિંગ એ પર્યાવરણને લગતી મુખ્ય વૈશ્વિક સમસ્યા છે. આ સમસ્યા માનવજાત સહિતની સમગ્ર જીવશ્રુષ્ટિના અસ્તિત્વ સામેનું માનવસર્જિત મોટું સંકટ છે અને તે સમગ્રશ્રુષ્ટિ ઉપર વિધાતક અસરો ઉપજાવે છે.

### * અર્થ

પૃથ્વીના તાપમાનમાં સતત થઇ રહેલા વધારાને ગ્લોબલ વોર્મિંગ કહેવાય વૈશ્વિક ઉષ્ણતામાનમાં સતત થતી વૃદ્ધી એટલે ગ્લોબલ વોર્મિંગ

### * ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરો

ગ્લોબલ વોર્મિંગ અને તેના પરિણામે ઉદ્ભવતી ગ્રીન હાઉસ અસરમ એસીડ રેઇન અને ઓઝોન સ્તરમાં ગાબડાની સંભવિત અસરો નીચે મુજબ દર્શાવવામાં આવે છે.

૧) જીવશ્રુષ્ટિ ભયમાં મુકાય છે.

૨) તાપમાનમાં તીવ્ર વધારો થાય છે.

૩) ઋતુચક્રમાં બદલાવ

૪) બર્ફીલા પહાડોનું પીગળવું

૫) પશુ, કૃષિ, અને ઔદ્યોગિક વિકાસ પર વિપરીત અસરો

૬) પાણીની સમસ્યા

## * ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના નિવારણના ઉપાયો

૧) વૈશ્વિક પરિષદો એ સુચવેલા ઉપાયો

૨) કાનૂની ઉપાયો

૩) સામાજિક જાગૃતિ

૪) વૃક્ષારોપણ

## * પર્યાવરણીય ચળવળો

ભારત વિકસિત દેશ છે. વિકસતો દેશ વિવિધ ક્ષેત્રોમાં વિકાસના પગલા માંડતો હોય છે. મોટા બંધોનું નિર્માણ, વિશાલ ઉદ્યોગો, વિદ્યુતમથકોની, સ્થાપના વગેરે પગલાઓ દ્વારા સમાજ

વિકાસની કેડી પર આગળ વધી શકે છે. ભારતમાં પંચવર્ષીય યોજનાઓ હેઠળ ચાલતી વિકાસ પ્રવૃતિઓ અનેક ક્ષેત્રોમાં વિસ્તરી છે. આવી વિકાસ પ્રવૃતિઓ જે તે વિસ્તાર ના લોકોના આર્થિક, સામાજિક, ધાર્મિક, સંસ્કૃતિક, અને સામુદાયિક જીવન ઉપર વિપરીત અસર ઉપજાવે છે. કારણકે આવેઈ વિકાસ પ્રવૃતિઓને લીધે તે વિસ્તારના લોકોનું વિસ્થાપન થતું જાય છે. જેમને કરને અને પર્યાવારને બચાવવા માટે આવા આંદોલનો થતા હોય છે.

## ⁕ ચિપકો આંદોલન :

ચિપકો અંદોલન વાસ્તવમાં પર્યાવરણ ચળવળ છે. વૈજ્ઞાનિકો જ નહિ પરંતુ કેટલાક બુદ્ધિજીવી નાગરિકોએ કુદરતમાં પેદા થતી માનવજાતને ટકાવવા સામે ભાવી સંકેતો રજુ કર્યા છે. તેથી પર્યવારાની જાણવણી માટે આ ચળવળ શરૂ થઇ બુદ્ધિજીવી વર્ગ દ્વારા તેના ચોક્કસ ધ્યેયો કાર્યકમો હોવાને કરને વાસ્તવમાં આં ચળવળ પર્યાવરણવાદીઓની જ નહિ પ્પરંતુ સમગ્ર માનવજાતિના કલ્યાણ માટેની ચળવળ બની છે.

## ⁕ નર્મદા આંદોલન :

ગુજરાત પાણીની અછતવાળું રાજ્ય છે. ગુજરાતમાં ચોમાંસુ અનીમીયત રહે છે. ચોમાસું સરેરાશ ૩૦ દિવસ રહે છે. કચ્છ સૌરાષ્ટ્ર અને ઉતર ગુજરાતમાં દર ચોથું વર્ષ અનાવૃશ્તીનું હોય છે. તેથી આ વિસ્તારમાં પાણીની તીવ્ર તંગી રહે છે. જેથી ગુજરાતના પાણીના પ્રશ્ન માટે નર્મદા નદી પર બંધ બાંધવાનો વિચાર કર્યો. નર્મદા જ એવી નદી છે કે જેના પર મોટા  બંધ બાંધી છેક સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પાણી પહોંચાડી શકાય તેવું છે.

ભરૂચ જીલ્લામાં વડગામ પાસે ૪૫૫ ફૂટ ઉંચો અને ૧૬૦૦ મીટર લાંબો સિમેન્ટ કોંક્રીટનો બંધ બાંધવાની યોજના અમલમાં મુકવાનું નક્કી થયું આટલો ઉંચો બંધ બાંધવાથી જમીન દુબે તે માટે રાજસ્થાન મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશે વિરોધ કર્યો તેણે પરિણામે આંતરરાજ્ય જળવિવાદ પંચની રચના કરવામાં આવી.

૧) નર્મદાઅંધ વિરોધીઓનું આંદોલન

૨) નર્મદાબંધ તરફી આંદોલન

આવા બે ભાગમાં વિભાજીત થયું.

નાર્મીદાદેમને કરને ઉદભવેલા પ્રશ્નો અને વિસ્થાપિતોની સમસ્યાની નિરાકરણ કર્યું અંતે ડેમ બાંધવામાં આવ્યો.

# ભારતની સામાજિક સમસ્યાઓ-૨

(પેપરનં. ૮)

## ૧) સામાજિક સમસ્યા તરફના કેટલાક સમાજશાસ્ત્રીય અભિગમો, વિઘટન સંબંધિત સમસ્યાઓ તેમજ ઘરેલું હિંસાની સમસ્યાનો પરિચય આપો.

### જવાબ :

### પ્રસ્તાવના :

સમાજશાસ્ત્રમાં સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવાના વિવિધ અભિગમો વિકસ્ય છે સામાજિક સમસ્યાઓ જે પરિસ્થિતિમાં ઉદભવે છે તે પરિસ્થિતિઓને લક્ષમાં લઈને જયારે સામાજિક સમસ્યાઓનું વિશ્લેષણ કે અભ્યાસ કરવામાં અવે ત્યારે અભ્યાસની તે રેતેને સામાજિક સમસ્યા તરફનો અભિગમ કહેવાય. આમ, અભિગમ કોઈપણ ઘટનાનો અભ્યાસ કરવાની, ઘટનાનું વિશ્લેષણ કરવાની, ઘટનાની તપાસ કરવાની કે ઘટનાને સાંગોપાંગ સમજવાની એક રીત અથવા પદ્ધતિ છે.

૧) સામાજિક વિઘટનનો અભિગમ

૨) વિમુખીકરણનો અભિગમ

૩) એનોમી અભિગમ

### * વિઘટન સંબંધિત સમસ્યાઓ

સામાજિક વિઘતાનમાંથી ઉદ્ભવતી સમાંસ્યાનોને વિઘટન સબંધિત સમસ્યાઓ કહેવાય અર્થાત વિઘટનાત્મક સમસ્યાઓ કહેવાય જેમકે,

### * ભ્રષ્ટાચારની સમસ્યા

ભ્રષ્ટાચાર એ પ્રમાણીકતાથી વિરુધનો ખ્યાલ છે. પ્રમાણિકતા એ સાવત્રિક અને સનાતન મુલ્ય છે તે ચારિત્ર્યનું મૂળભૂત તત્વ છે. ભ્રષ્ટાચાર એટલે અપ્રમાણિક આચારનો અપરાધ લાંચ લેવાનું અને લાંચ આપવાનું વર્તન એટલે ભ્રષ્ટાચાર. તેણે લાંચ-રુશ્વત કે રુશ્વાત્ખોરી પણ કહેવામાં આવે  છે. ભ્રષ્ટાચાર એ નૈતિક વિકૃતિ છે ચારિત્ર્યની વિકૃતિ છે ભ્રષ્ટાચારએ કાનુન ભંગનું અપકૃત્ય છે. તે સાજિક વિઘટન સાથે સંબંધિત સામાજિક વિચાલનની સમસ્યા છે.

## * ઘરેલું હિંસાની સમસ્યા :

ઘરેલું હિંસા એ વિશ્વવ્યાપી સમસ્યા છે. ઘરેલું એટલે કૌટુંબિક કે પારિવારિક અને હિંસા અએટલે કોઈપણ જીવને હણવો કે પીડાવો કોઈ જીવને હણવા કે પીડવામાં બળ કે સતાનો અન્યાયી ઉપયોગ થાય છે. બળ કે સત્તાના ઉપયોગના આવા વર્તન કે આચરણમાં શારીરિક, માનસિક, જાતીય અને આર્થિક અત્યાચાર અને અન્યાયની અભિવ્યક્તિ થાય છે. ભારતમાં ઘરેલું હિન્શાને લગતા કાનુનને અનુલક્ષીને જોઇએએ તો કુટુંબના કોઈપણ પુખ્ત સભ્ય દ્વારા કુટુંબની સ્ત્રીના સ્વાસ્થ્ય સલામતી જીવન કે સુખાકારીને કોઈપણ રીતે અન્યાય કરવામાં આવે કે પીદ્ડા કે ઈજા પહોંચાડવામાં આવે તો તેણે ઘર્લું હિંસા કહેવાય ઘરેલું હિંસાનું સ્વરૂપ આ મુજબ દર્શાવી શકાય.

## * સ્વરૂપ

૧) શારીરિક હિંસા

૨) જાતીય હિંસા

૩) શાબ્દિક અને ભાવાત્મક હિંસા

૪) આર્થિક હિંસા

આ રીતે સ્ત્રીઓને વિવિધ રીતે હિંસા કરવામાં આવતી હોય છે.

## * ઘરેલું હિંસાના પરિબળો

૧) પીતૃસતાકવ્યવસ્થા

૨) દહેજ પ્રથા

૩) લગ્નબહાર જાતીય સંબંધો

૪) નશાખોરી

૫) સ્ત્રીઓની આર્થિક પરાધીનતા

૬) વ્યક્તિવાદ અને સ્વમાનની ભાવના

૭) ઘરેલું ઝઘડા

ઘરેલું હિંસા થવા પાછળ આ પરિબળો જવાબદાર હોય છે.

## * ઘરેલું હિંસાના નિયંત્રણ માટેના ઉપાયો

ભારત સરકારે ૨૦૦૧માં સ્ત્રી સશક્તિકારણની રાષ્ટ્રનીતિ અપનાવી આ નીતિનો હેતુ સ્ત્રીઓની ઉન્નતી અને વિકાસ સાધવાનો તથા સ્ત્રીઓનું સશક્તિકરણ કરવાનો છે.

૧) સ્ત્રીઓ માટેનું રાષ્ટ્રીય પંથ

૨) ઘરેલું હિંસા સામે સ્ત્રીઓને રક્ષણ આપન્તો કાયદો ૨૦૦૫

૩) સ્ત્રી-ભ્રુણ હત્યા અને બલ્લાગ્નની અટકાયત

૪) સ્ત્રીઓના સામાજિક સશક્તિકરણ યોજનાઓ

૫) સ્વૈછિક સંગઠનોને સહાયની યોજના

## ૨) વૃદ્ધોની સમસ્યાઓ જણાવી અને એઈડસ વિષે પરિચય આપો.

### જવાબ :

### પ્રસ્તાવના :

ભારતની વસ્તીમાં બાળકો અને કિશોરોની સંખ્યા ઘટતી જાય છે અને વૃદ્ધજનોની વસ્તીનું પ્રમાણ વધતું જાય છે. ૧૯૭૧માં ભારતની વસ્તીમાં ૫ ટકાથી વધુ વસતી ૬૦ વર્ષથી વધુ વાય ધરાવતી વ્યક્તિઓ હતી. વૃધોની સમસ્યામાં મુખ્યત્વે આર્થિક અસલામતી, દરજ્જો ભૂમિકા ગુમાવ્યાની, અવગણના થતી હોવાની, સામાજિક સ્વીકૃતિની સામાજિક અલગતા અને એકલતાની સામાજિક સલામતીની શારીરિક પરવ્લામ્બનની આરોગ્યની સામાજિક અનુકુલનની તેમજ ફૂરસદનો સમય પસાર કરવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ઘણા વૃદ્ધો તેમના સંતાનોના ભાવી અને આર્થિક સલામતીને ચિંતા અનુભવતા હોય છે જો કે, વૃધ્જનોની સમસ્યામાં ઘણું વૈવિદ્ય રહેલું છે. ભારત જેવા બહુવિધ સમાજમાં વૃધ્જનોની સમસ્યાઓનું વૈવિધ્ય તેઓની સમસ્યાના નિવારણના માર્ગમાં અવરોધક બની શકે છે. ભારતમાં વૃદ્ધજનોની સમસ્યાનો વ્યાપ-વિસ્તાર અને ગંભીરતા વધતા જાય છે.

### * વૃદ્ધોની સમસ્યાઓ

૧) આર્થિક સમસ્યાઓ

૨) દરજ્જા-ભૂમિકાની સમસ્યા

૩) સામાજિક સ્વીકૃતિની સમસ્યા

૪) સામાજિક અલગતા અને એકલતાની સમસ્યા

૫) સામાજિક સલામતીની સમસ્યા

૬) શારીરિક સ્વાવલંબન

૭) ફુરસદના સમયની સમસ્યા

૮) આરોગની સમસ્યા

૯) સામાજિક અનુકુલનની સમસ્યા

૧૦) વસવસો.

## * એઈડસ

ભારતીય સમજમાં ઘણી સમસ્યાઓ છે તેમાં જનઆરોગ્યની જે અત્યંત ગંભીર સમસ્યા છે. તે એચ.આઈ.વિ./એઈડસની સમસ્યા છે. આ રોગનો સૌથી મોતોં પડકાર યુવાવર્ગ સામે છે. અને યુવાશક્તિ જ તેણે અટકાવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે તેમ છે. અને તે આ યુગનો તે મહાન ગણાય છે આ રોગનો હાલમાં કોઈ ઈલાજ નથી.

## * એઈડસની સમસ્યાની અસરો

૧) એઈડસ-સામાજિક વિચલન અને તેના પરિણામ તરીકે

૨) એઈડસના દર્દીના શરીર ઉપર અસર

૩) દર્દી ઉપર સામાજિક-માનસિક અસર

૪) એઈડસ સંબધિત ભેદભાવ

૫) એઈડસના દર્દી પ્રત્યે ભેદભાવભર્યો વ્યવ્હાર

૬) એઈડસના દર્દીના કુટુંબ ઉપર અસર

૭) એઈડસની વસ્તીશાસ્ત્રીય અસર

૮) અર્થવ્યવસ્થા ઉપર અસર

આમ, એઈડસની સમાજ રાષ્ટ્ર અને યુવાવર્ગ ઉપર ઘણી વિપરીત અસરો થાય છે.